RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા ગુજરાત રાજય સરકાર સમક્ષ રજૂઆત...

ગુજરાત રાજય સરકાર દ્વારા 'ગુજરાત લેન્ડગ્રેબિંગ (પ્રોહિબીશન) એકટ-૨૦૨૦' તે તા. ૦૯ ઓકટોબર ૨૦૨૦ નાં રોજથી અમલમાં લઈ આવવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં કયાંય પણ ગેરકાયદેસર રીતે કોઈ જ જમીન, પ્લોટ કે મકાન પર કોઈ વ્યકિત ગેરકાયદેસર કબજો કરે તો તેની સામે સબંધિત કલેકટર કચેરીમાં તે વ્યકિત કે જેની માલિકીની મિલ્કત હોય તે લેન્ડગ્રેબિંગ કાયદાની જોગવાઈ મુજબ ફરિયાદ કરી અને જેથી તેની મિલ્કત પરથી ગેરકાયદેસર કબજો હટાવવા માટે તે કાયદાકીય કાર્યવાહી કરી શકે.

લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈનાં Ultra Wires નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ Special Civil Application No. 2995 of 2021 થી પડકારવામાં આવેલ તે કામનાં પીટીશનર (આરોપીઓને) સામેની કાયદાકીય કાર્યવાહી તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ હતી જેથી કલેકટર તેમજ પોલીસ અધિકારીઓને આગળની કાર્યવાહી કરી શકે નહી. ત્યારબાદ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ગુજરાતનાં અલગ-અલગ જીલ્લાઓમાંથી અનેક પીટીશનરો ધ્વારા તે કાયદાનાં Ultra Wires ચેલેન્જ કરવામાં આવેલ છે જેથી આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાયદા અન્વયેની ફરિયાદ કે અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટે કરવામાં આવેલ છે.

નામદાર હાઈકોર્ટ ધ્વારા તા. ૧૮.૦૨.૨૦૨૧ નાં રોજ સ્ટે કરવામાં આવેલ મેટરનું ન્યાયિક નિરાકરણ આજદિન સુધી થયેલ ન હોય અને ત્યારબાદ આશરે ૭૦૦ થી વધારે લેન્ડગ્રેબિંગ કાર્યવાહી નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્ટે હોય આમ ગુજરાત સરકારે જે શુભ હેતુથી લેન્ડગ્રેબિંગ એકટની જોગવાઈઓ બનાવવામાં આવેલ હોય તેનો લાભ ગુજરાતની જનતાને મળી રહેલ નથી.

તેથી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તથા કાયદામંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ સમક્ષ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં લાંબા સમયથી સ્ટે થઈને પેન્ડીંગ રહેલ લેન્ડગ્રેબિંગ એકટની પીટીશનનો તાત્કાલીક નિકાલ લાવવા રજૂઆત કરેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.